# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૮ તા.૦૨-૦૭-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- COVID 19 સમય દરમ્યાન મ્યુનિ. શાળાના વિદ્યાર્થીઓના અભ્યાસ સુનિશ્ચિત કરવા હોમ લર્નિંગ અને મૂલ્યાંકન બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૩૮૫૬-૩૯૦૮ તા.૦૧-૦૭-૨૦૨૦નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, COVID 19 સમય દરમ્યાન 'હોમલર્નિંગ કાર્યક્રમ' અંતર્ગત પાઠયપુસ્તક અને 'ઘરે શીખીએ' સાહિત્ય તેમજ આયોજન આધારિત ઈ-લર્નિંગ સાહિત્ય વગેરે વિદ્યાર્થીઓમાં અમલમાં મૂકવામાં આવેલ છે.

હોમલર્નિંગની સાથે મૂલ્યાંકન સબબ વર્ષ ૨૦૨૦-૨૧થી દરેક માધ્યમની શાળાઓમાં ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામયિક મૂલ્યાંકન કસોટી લેવામાં આવનાર છે.જુલાઈ માસમાં ધો.૩ થી ૮ માં ગુજરાતી/પ્રથમભાષા અને ગણિત વિષયની કસોટી તા.૨૯ અને ૩૦ જુલાઈ દરમ્યાન લેવામાં આવશે. તા.૨૮-૭-૨૦૨૦ સુધી કસોટી વિદ્યાર્થીઓ સુધી પહોંચતી કરવાની રહેશે. જે અંગે આ સાથે સામેલ સંદર્ભ દર્શિત પત્રમાં દર્શાવેલ સૂચનાઓનો ચિવટપૂર્વક અભ્યાસ કરી કસોટીની પીડીએફ સોફ્ટ કોપી સી.આર.સી.કો.ઓર્ડિનેટર પાસેથી મેળવી સામયિક મૂલ્યાંકન કસોટી લેવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભ દર્શિત પત્ર

તા.૦૨-૦૭-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/2020/ ૩૮૪૫-૩૯૦૮
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in

તારીખ: 01/07/2020

નિયામક

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી,તમામ

વિષયઃ COVID-19 સમય દરમિયાન રાજ્યની તમામ પ્રાથમિકશાળાઓમાં વિદ્યાર્થીઓના અભ્યાસ સુનિશ્ચિત કરવા હોમ લર્નીંગ અને મૂલ્યાંકન બાબત.

સંદર્ભ:

1. શિક્ષણવિભાગ ઠરાવક્રમાંકઃપીઆરઈ/૧૧/૨૦૨૦/૧૯૨૯૩૧/ક/ તા.૦૫/૦૬/૨૦૨૦
2. પત્રક્રમાંકઃ એસએસએ/મકમ/૧૬૬૯૨-૧૬૭૯૬ તા. ૧૨/૦૬/૨૦૨૦
3. પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૪૦૪૯-૪૧૫૪ તા. ૨૨/૦૬/૨૦૨૦
4. શિક્ષણવિભાગ ઠરાવક્રમાંકઃબમશ/૧૧૨૦/૧૪૨/છ/ સચિવાલય, ગાંધીનગર તા.૧૨/૦૨/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે COVID-19 સમય દરમિયાન 'હોમલર્નીંગ કાર્યક્રમ' અંતર્ગત પાઠ્યપુસ્તક અને 'ઘરે શીખીએ' સાહિત્ય તેમજ આયોજન આધારિત ઈ-લર્નીંગ સાહિત્ય વગેરે વિદ્યાર્થીઓ માટે અમલમાં મૂકવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ દ્વારા હોમલર્નીંગ વધુ સારી રીતે થાય તે સુનિશ્ચિત કરવા આપના તરફથી યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે.

હોમલર્નીંગની સાથે મૂલ્યાંકન સબબ વર્ષ ૨૦૨૦-૨૧ થી દરેક માધ્યમમાં **રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૮નાં વિદ્યાર્થીઓ** માટે સામયિક મૂલ્યાંકન કસોટી લેવામાં આવનાર છે. જે અંગે નીચેની બાબતોને ધ્યાને લઈ આપની કક્ષાએથી આગળની કાર્યવાહી કરવા વિનંતી છે.

- સામયિક કસોટી ૨૫ ગુણની રહેશે અને સમય મહત્તમ એક કલાકનો રહેશે.
- દરેક કસોટીમાં પાંચ-પાંચ ગુણનાં મુખ્ય પાંચ પ્રશ્નો રાખવામાં આવશે. કસોટીઓ લર્નીંગ આઉટકમ આધારિત તૈયાર કરવામાં આવશે.
- કસોટીની PDF સોફ્ટ કોપી અત્રેથી કસોટીનાં બે દિવસ અગાઉ રાબેતા મુજબ રાજ્યનાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીને ઈ-મેઈલથી મોકલવામાં આવશે. તેમના મારફત બી.આર.સી. અને બી.આર.સી. મારફત સી.આર.સી.ને કસોટી મોકલવાની રહેશે.

- સી.આર.સી. કોઓર્ડિનેટરશ્રી સદર કસોટીઓ ઈ-મેઈલ દ્વારા તેનાં સી.આર.સી.નાં તાબા હેઠળની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં મોકલશે.
- શાળાના વિદ્યાર્થીઓને કસોટીની વ્યક્તિગત પ્રિન્ટ આઉટ આપવાની રહેશે. જે તે શાળા મારફત વિદ્યાર્થી સુધી ઘરે પ્રિન્ટ પહોંચાડવામાં આવશે.
- સદર કસોટી વાલી અને વિદ્યાર્થીની અનુકૂળતાએ વિદ્યાર્થી વાલીની દેખરેખ હેઠળ ઘરેથી લખે તે અપેક્ષિત છે. કસોટીનો આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ કસોટી ભયમુક્ત અને તનાવમુક્ત સ્થિતિમાં આપે તે ઈચ્છનીય છે.
- જુલાઈ માસમાં ધોરણ ૩ થી ૮માં ગુજરાતી/પ્રથમભાષા અને ગણિત વિષયની કસોટી તા. ૨૯ અને ૩૦ જુલાઈ દરમિયાન લેવામાં આવશે. તા.૨૮/૦૭/૨૦૨૦ સુધી કસોટી વિદ્યાર્થીઓ સુધી પહોંચતી કરવાની રહેશે.
- કસોટીની ઉત્તરવહી તા. ૩૧/૦૭/૨૦૨૦ સુધી વાલી મારફત શાળા સુધી પહોંચાડવામાં આવે તે ઈચ્છનીય છે.
- કસોટીની ઉત્તરવહીનું મૂલ્યાંકન જે તે ધોરણ/વિષયનાં શિક્ષક દ્વારા કરવામાં આવશે.
- ગુજરાતી માધ્યમમાં ગુજરાતી વિષયની અને અન્ય માધ્યમમાં પ્રથમભાષાની કસોટી લેવામાં આવશે.
- ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પાઠ્યપુસ્તકનાં અભ્યાસક્રમને આધારે કસોટી રચના કરવામાં આવશે.
- જુલાઈ-૨૦૨૦ની મૂલ્યાંકન કસોટીનો અભ્યાસક્રમ આ પ્રમાણે રહેશે.

| વિષય/ધોરણ | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
|---|---|---|---|---|---|---|
| અભ્યાસક્રમ | પ્રકરણ | | | | | |
| ગુજરાતી | 1 | 1 અને 2 | 1 અને 2 | 1 અને 2 | 1 અને 2 | 1 અને 2 |
| ગણિત | 1 | 1 અને 2 | 1 અને 2 | 1 અને 2 | 1 અને 2 | 1 અને 2 |

નિયામક
જીસીઈઆરટી
ગાંધીનગર

નકલ સવિનય રવાના:

- માન.શિક્ષણસચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણવિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. એસ.પી.ડી., એસ.એસ.એ. કચેરી, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર
- કન્વીનરશ્રી, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ગાંધીનગર

નકલ રવાના:

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ